**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

ક્રમાંક:બીકેએનએમયુ/કલ્ચરલ સેલ/૪૭ /૨૦૨૬ તા. ૧૭/૦૯/૨૦૨૬

વિષય :- "શેરી નાટક સ્પર્ધા – ૨૦૨૬" આયોજન કરવા બાબત.

**સંદર્ભ :-** જિયુંસાંપ્ર/સાંસ્કૃતિક/કલાઉત્સવ/૧૧૯૩-૧૦૦૦/૨૦૨૬-૨૭ તા. ૧૬/૦૯/૨૦૨૬નો પત્ર.

પરીપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થિત વિવિધ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, જૂનાગઢ લોકસભા વિસ્તાર અંતર્ગત સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોનાં વડાઓને જણાવવામા આવે છે કે, રાજ્યમાં કલાને પ્રોત્સાહન મળે તથા કલા પ્રેમી, કલાકારો, બાળ કલાકારોને તેઓની કલા ઉજાગર કરવાની તક મળી રહે તથા કલાકાર તરીકે ભવિષ્યમાં આગવી ઓળખ મેળવે તે હેતુથી ગુજરાતના તમામ સંસદીય મત વિસ્તારોમાં "કલા મહોત્સવ – ૨૦૨૬"નું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અત્રેની યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ લોકસભા વિસ્તારની તમામ કોલેજોમાં નાટકની સ્પર્ધાનું આયોજન કરવાનું જણાવવામાં આવે છે, તેમજ યોજેલ સ્પર્ધાના વિડીઓગ્રાફી તૈયાર કરી કોલેજોએ પોતાના અધિકૃત Google Drive એકાઉન્ટમાં અપલોડ કરવાની રહેશે, અને લિંક પરમીશન "Anyone with the link can View" રાખવાની રહેશે, જેથી જજીંગ ટુકડીઓ તેને જોઈ શકે, ત્યારબાદ તે લિંક અને સમગ્ર વિગત ગૂગલ ફોર્મ : https://forms.gle/t8Cq2iTyosAW1QUt6 પર મોકલી આપવાની રહેશે, તેમજ અત્રેની યુનિવર્સિટીના કલ્ચરલ સેલના ઈ-મેઈલ આઈ.ડી Cultural.bknmu@gmail.com પર મોકલી આપવાનો રહેશે. "શેરી નાટક સ્પર્ધા – ૨૦૨૬"નો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ દ્વારા નાટક ભજવી સમાજમાં સામાજિક જાગૃતિ ફેલાવવાનો છે.

ઉક્ત સ્પર્ધામાં આ સાથે સામેલ સ્ક્રીપ્ટ મુજબ નાટકો તૈયાર કરાવી, કોલેજમાં વધુમાં વધુ લોકો નિહાળી શકે તેમજ વધુમાં વધુ સ્પર્ધકો ભાગ લે તેવું આયોજન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. વધુ માહિતી માટે ઉક્ત સંદર્ભ પત્રની નકલ સામેલ છે, જે ધ્યાને લેવા વિનંતી.

કુલસચિવ

**બીડાણ :-**
સંદર્ભ પત્ર

પ્રતિ,
૧) યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ,
૨) યુનિવર્સિટી સંલગ્ન જુનાગઢ લોકસભા વિસ્તરની કોલેજોના આચાર્યશ્રીઓ,

**નકલ સાદર રવાના :-**
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે )

# ગુજરાત રાજ્ય શાળા તથા કોલેજોમાં શેરી નાટક સ્પર્ધા ૨૦૨૬

### શાળાઓ **તથા કોલેજો** માટેની પ્રમાણભૂત કાર્યપ્રણાલી **- SOP**

## ૧. મુખ્ય હેતુ:

ગુજરાત રાજ્યની તમામ શાળાઓ તથા કોલેજોના વિદ્યાર્થીઓદ્વારા નાટક રજૂ કરીને સમાજમાં વ્યાપક સામાજિક જાગૃતિ ફેલાવવી તેમજ બાળકોમાં નાટ્યકલા, સંવાદ કૌશલ્ય અને અભિવ્યક્તિ ક્ષમતાનો વિકાસ કરવો.

## ૨. મહત્વની તારીખો અને સમયગાળો

- **નાટક ભજવવાનો સમયગાળો:** તારીખ ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર
- **નાટકની સમયમર્યાદા:** ૨૫ થી ૩૦ મિનિટ

## ૩. સ્પર્ધાના નિયમો અને માર્ગદર્શિકા

- **અધિકૃત સ્ક્રિપ્ટ (Script):** નાટક માટેની સ્ક્રિપ્ટ આયોજક તરફથી પૂરી પાડવામાં આવશે. શાળાઓતથા કોલેજોએ માત્ર સ્ક્રિપ્ટ સાથે આપેલ ઓડીયો ફાઈલ પર વિદ્યાર્થીઓ પાસે લીપ સીન્કીંગ કરાવવાનું રેહશે.
- **પાત્રો/વિદ્યાર્થીઓ:** નાટકના તમામ કલાકારો શાળાના તથા કોલેજોના પોતાના વિદ્યાર્થીઓ જ હોવા જોઈએ.

**Link: https://drive.google.com/drive/folders/1yFvTGA67G9rjbUzjtIN6c_FAp-_LzdT4?usp=sharing**

- **સ્થળ અને સમયની પસંદગી:** નાટક શાળા તથા કોલેજોનાકેમ્પસમાં એવા સમયે યોજવું જેથી વાલીઓ અને વધુમાં વધુ સ્થાનિક લોકો નિહાળી શકે.
- **વિડીયો રેકોર્ડિંગ:** સંપૂર્ણ નાટકનું સ્પષ્ટ HD વિડીયો રેકોર્ડિંગ કરવું. ઓડિયો (અવાજ) અને વિડીયો ક્વોલિટી ઉત્તમ હોવી આવશ્યક છે.

## ૪. ઇનામોની વિગત (Prize Details)

આ સ્પર્ધામાં પ્રત્યેક **વિધાનસભા ક્ષેત્ર આધારિત ૮ (આઠ) પ્રોત્સાહક ઇનામો** આપવામાં આવશે:

| ક્રમ | ઇનામનો પ્રકાર | ઇનામી રકમ |
|---|---|---|
| ૧ | પ્રથમ ઇનામ | ₹ ૫૧,૦૦૦/- |
| ૨ | દ્વિતીય ઇનામ | ₹ ૩૧,૦૦૦/- |
| ૩ | તૃતીય ઇનામ | ₹ ૨૧,૦૦૦/- |
| ૪ | આશ્વાસન ઇનામ (કુલ ૫ શાળાઓ) | ₹ ૧૧,૦૦૦/- (પ્રત્યેકને) |

## ૫. વિડીયો સબમિશન પ્રક્રિયા (Submission Procedure)

- **Google Drive અપલોડ:** તૈયાર થયેલ વિડીયો શાળાના તથા કોલેજોનાપોતાના અધિકૃત Google Drive એકાઉન્ટમાં અપલોડ કરવો.
- **લિંક પરમિશન (Access Setting):** Google Drive વિડીયો લિંકની પ્રાઇવસી સેટિંગ "Anyone with the link can view" રાખવી જેથી જજિંગ ટુકડી તેને જોઈ શકે.
- **Google Form સબમિશન:** આયોજક દ્વારા આપવામાં આવેલ લિંક https://forms.gle/t8Cq2iTyosAW1QUt6 પર Google Form માં નીચે દર્શાવેલ વિગતો ભરવી.

  - શાળાનું તથાકોલેજોનુંપૂરું નામ, સરનામું
  - સંબંધિત વિધાનસભા ક્ષેત્રનું નામ
  - આચાર્યશ્રી / પ્રોજેક્ટ માર્ગદર્શક શિક્ષકનું નામ અને સંપર્ક નંબર
  - નાટક ભજવ્યાની તારીખ અને હાજર રહેલા અંદાજિત પ્રેક્ષકો/વાલીઓની સંખ્યા
  - વિડીયોની Google Drive લિંક

## ૬. મૂલ્યાંકન અને પરિણામ (Judging & Selection Criteria)

- **અભિનય અને સંવાદ:** વિદ્યાર્થીઓનો અભિનય,.
- **વિષયવસ્તુની સચોટ રજૂઆત:** સ્ક્રિપ્ટ મુજબનો સંદેશો પહોંચાડવાની સફળતા.
- **જનભાગીદારી:** પ્રેક્ષકોની હાજરી અને શેરી નાટકનો સામાજિક પ્રભાવ.

**નોંધ:** તમામ શાળાઓએ સમયમર્યાદા (૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર) નું ખાસ પાલન કરવાનું રહેશે. વિડીયો લિંક સબમિટ કર્યા બાદ જજિંગ કમિટી દ્વારા ચકાસણી કરીને વિધાનસભા દીઠ વિજેતાઓની જાહેરાત કરવામાં આવશે.

ક્રમાક:યસપ/સસ્કૃાત/કલાઉત્સવ/૨૦૨૬૨૭/

કમિશનર,

યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી

બ્લોક નં-૧૧/૩જો માળ,

ડૉ.જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦-એ

ગાંધીનગર

તા.:ઇ-સાઇન મુજબ

**વંચાણે લીધો:**

(૧) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૦૨/૦૫/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SYCAD/BUD/e-file/19/2024/1361/D.

(૨) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૦૪/૦૫/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SYCAD/BGT/e-file/19/2025/1095/D.

(3) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૧૧/૦૯/૨૦૨૬નો પત્રક્રમાંક: SYCAD/BUD/e-file/19/2024/1361/D.

(4) કમિશ્નર, યુવક સેવ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી નો તા. ૧૪/૦૯/૨૦૨૬નો પરીપત્ર

**પરિપત્ર:-**

રાજયમાં કલાને પ્રોત્સાહન મળે તથા કલા પ્રેમી, કલાકારો, બાળ કલાકારોને તેઓની કલા ઉજાગર કરવાની તક મળી રહે તથા કલાકાર તરીકે ભવિષ્યમાં આગવી ઓળખ મળી રહે તે હેતુથી ગુજરાતના તમામ સંસદીય મત વિસ્તારોમાં " કલા મહોત્સવ"નું આયોજન કરવા માટે વર્ષ ૨૦૨૫-૨૬માં સંદર્ભ ૦૧ મુજબ નવી બાબત તરીકે મંજુરી આપવામાં આવેલ હતી. સંદર્ભ ૨ થી વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૦૯.૩૫ કરોડની વહિવટી મંજુરી આપવામાં આવેલ છે.સંદર્ભ ૩ ના પત્રથી આ યોજનાકિય નિયમો બનાવવા માટે કમિશનરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને અધિકૃત કરવામાં આવેલ છે. જે અન્વયે નાણાકીય વર્ષ 2026-27 માટે નીચે મુજબ ના નીયમો બનાવવામાં આવે છે.

1) દરેક સંસદીય ક્ષેત્રમાં સામેલ તમામ કોલેજોમાં નાટકની સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

2) દરેક વિધાનસભા ક્ષેત્રમાં સામેલ તમામ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નાટકની સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

3) જિલ્લાના મહત્વના સ્થળો ઉપર ગુજરાત રાજ્યની સ્થાનીક કલાકાર મંડળીઓ મારફતે નાટકો પ્રદર્શીત કરવાના રહેશે. જે માટે એક નાટકના પ્રયોગ દિઠ મંડળીને રૂ.૨૦,૦૦૦/- પુરસ્કાર આપવામાં આવશે. (જેમાં નાટકની પ્રસ્તુતિનો તમામ ખર્ચનો સમાવેશ કરવાનો રહેશે.)

4) ઉપરોક્ત મુદ્દા ક્રમાંક ૧ તથા ૨ માં સુચવેલ સ્પર્ધાઓનુ મુલ્યાંકન જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી મારફતે તજજ્ઞ દ્વારા કરવાનુ રહેશે

5 ) દરેક સંસદીય ક્ષેત્રમાં તથા દરેક વિધાનસભા ક્ષેત્રમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક મેળવનાર કૃતિઓને ક્રમશ:રૂ.૫૧,૦૦૦/-,રૂ.૩૧,૦૦૦/-,રૂ.૨૧,૦૦૦/- ઇનામ તથા અન્ય ૦૫ કૃતિઓને રૂ.૧૧,૦૦૦/- આશ્વાશન ઇનામ આપવાના રહેશે.

6) ઉપરોક્ત શરતો કે નિયમોમા ફેરફાર કરવાની સત્તા અત્રેની કચેરીને રહેશે.

કમિશનર
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
ગાંધીનગર

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગુજરાત રાજય તમામ

(૨) જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજય તમામ

નકલ સવિનય રવાના :

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ,ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ, ગાંધીનગર.

(૩) સચિવશ્રી, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ.ગાંધીનગર.

નકલ રવાના :

(૧) કલેક્ટરશ્રી તમામ ગુજરાત રાજ્ય.

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ ગુજરાત રાજ્ય.

# જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જુનાગઢ

૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જુનાગઢ, ૩૬૨૦૦૧

Email : dydo-sycd-jngh@gujarat.gov.in Phone No : ૦૨૮૫-૨૬૩૦૪૯૦


ક્રમાંકઃ જિયુસાંપ્ર/સંસ્કૃત્તિ/કલાઉત્સવ/ ૮૧૯૩ - ૮૨૦૦ /૨૦૨૬-૨૭ તા.૧૬/૦૯/૨૦૨૬

પ્રતિ,

માન.રજીસ્ટારશ્રી,કૃષિ યુનિવર્સિટી,જુનાગઢ

માન.રજીસ્ટારશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

માન.રજીસ્ટારશ્રી, ડો. સુભાષ યુનિવર્સીટી, જુનાગઢ

માન.રજીસ્ટારશ્રી, નોબલ યુનિવર્સીટી, જુનાગઢ

માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ

માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ

વિષયઃ- ગુજરાત રાજ્ય શાળા તથા કોલેજોમાં શેરી નાટક સ્પર્ધા ૨૦૨૬ અંતર્ગત બેઠકમાં ઉપસ્થિત રહેવા બાબત.

સંદર્ભઃ- માન.કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગરના તા.૧૪/૦૯/૨૦૨૬ પરીપત્ર ક્ર: યસપ/સંસ્કૃતી/કલાઉત્સવ/૨૦૨૬-૨૭/ઈ સરકાર CYSCA/0143/09/2026 અન્વયે.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજયમાં કલાને પ્રોત્સાહન મળે તથા કલા પ્રેમી, કલાકારો, બાળ કલાકારોને તેઓની કલા ઉજાગર કરવાની તક મળી રહે તથા કલાકાર તરીકે ભવિષ્યમાં આગવી ઓળખ મળી રહે તે હેતુથી ગુજરાતના તમામ સંસદીય મત વિસ્તારોમાં " કલા મહોત્સવ"નું આયોજન હાથ ધરવામાં આવેલ છે, આ કાર્યક્રમ અંતર્ગત દરેક સંસદીય ક્ષેત્રમાં સામેલ તમામ કોલેજોમાં નાટકની સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે. તથા દરેક વિધાનસભા ક્ષેત્રમાં સામેલ તમામ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નાટકની સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે. ગુજરાત રાજ્ય શાળા તથા કોલેજોમાં શેરી નાટક સ્પર્ધા ૨૦૨૬નો મુખ્ય હેતુ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નાટક ભજવી સમાજમાં સામાજિક જાગૃતિ ફેલાવવાનો છે.

આથી આપના તાબાની શાળા-કોલેજોમાં દરેક આચાર્યશ્રી/પ્રિન્સિપાલશ્રીઓએ આ સ્પર્ધામાં આ સાથે સામેલ સ્ક્રીપ્ટ મુજબ નાટક તૈયાર કરાવી, શાળા-કોલેજમાં વધુમાં વધુ વાલીઓ અને અન્ય લોકો નિહાળી શકે તે રીતે પ્રદર્શિત કરે તે માટેની એક બેઠક માન. કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને નીચે મુજબની તારીખ અને સમયે, વી.સી.હોલ, કલેક્ટર કચેરી, જૂનાગઢ ખાતે હાજર રહેવા વિનંતી છે.

નોંધ : માન. કલેકટરશ્રીની આજ્ઞા અનુસાર.....

તારીખ: ૧૬/૦૯/૨૦૨૬, વાર: બુધવાર

સમય: ૧૭.૩૦ કલાકે.

સ્થળ:- વી.સી.હોલ, કલેક્ટર કચેરી, જૂનાગઢ

બિડાણ:- સંદર્ભ પરિપત્ર તથા SOP

આપનો વિશ્વાસુ

( એન. ડી. વાળા )

જિલ્લા યુવા વિકાસ અધિકારી

જૂનાગઢ

નકલ રવાના જાણ સારૂ:-

પી.એ. ટુ કલેકટરશ્રી, જુનાગઢ

પી.એ. ટુ નિવાસી અધિક કલેકટરશ્રી, જુનાગઢ